# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ દેરાસર વિભાગ ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# દેરાસર વિભાગ

Temples are culture centre that can help people achieve goods fo life while facilitating culture of mutual inspiration.

૧૨-૧૨ મહિના ચાલે એવી આરાધના હોય તો પ્રભુ-ભક્તિ-પૂજા-દર્શનાદિ છે. પરમાત્માના દર્શન-પૂજા વગેરે દ્વારા જીવ વિશેષરૂપે ધર્મમાં જોડાય છે. નાના-મોટા દરેક વ્યક્તિ દેરાસરમાં રોજ જાય છે. જો દેરાસરની પ્રવૃત્તિઓ વ્યવસ્થિત અને વિધિપૂર્વક થાય તો અનેરો આનંદ આવે. પરમાત્માની ભક્તિ બે કાર્ય કરે છે. એક પાપબંધ થવા નથી દેતી અને નવો પુણ્યબંધ કરાવે છે. પરમાત્માની ભક્તિ એ સરળ અને સહજ ધર્મ છે. જો સંઘને અનુકુળતા હોય તો પરમાત્માની ભક્તિ કરનારા વધે તે હેતુથી નીચે જણાવેલ આયોજન ખાસ ગોઠવવાનું રાખે.

**(૧) સ્નાત્ર મહોત્સવ :** પરમાત્માને જન્મના જ દિવસે ઇન્દ્ર મહારાજા મેરૂપર્વત ઉપર લઇ જઇને સ્નાનાદિ કરાવે છે. તેવું તો આપણાથી શક્ય નથી. તેથી ઇન્દ્ર મહારાજાની નકલ કરતાં હોઇએ તે રીતે રોજ અથવા તિથિના દિવસે અથવા મહિને એકવાર સામૂહિક સ્નાત્ર ભણાવવું જોઇએ. ઘણા સ્થાનોમાં બેસતા મહિને સ્નાત્ર ભણાવાય છે.

The snatra puja is done in 3 main parts :

(1) Offering Kusumanjaly.

(2) Re-Enactment of mahavir swamis Janma Mahotsav.

(3) Shanti Kalash and chaitya Vandana.

જો સંગીતના સથવારે સ્નાત્ર ભણાવાય તો બધાને ખૂબ આનંદ આનંદ થઇ જાય અને સ્નાત્રપૂજાના અર્થ જો કરી લેવામાં આવે તો પરમાત્માનો અચિન્ત્ય પ્રભાવ ખ્યાલ આવે. આપણને વિશિષ્ટ પરમાત્મા મળ્યા છે. તેની અનુભૂતિ થાય - ઓછામાં ઓછું વર્ષમાં એકવાર ઠાઠમાઠથી છપ્પન દિક્કુમારી અને ૬૪ ઇન્દ્રો સાથે સકલ સંઘની હાજરીમાં સ્નાત્ર મહોત્સવ કરાવવો જોઇએ.

**(૨) અષ્ટપ્રકારી પૂજા :** This Puja Reminds one should live his life with honesty, truthfulness, love, compassion towards all living being.

1. Jala Puja (Water)
2. Chandana Puja (Sandalwood Puja)
3. Pushpa Puja (Flower)
4. Dhoop Puja (Incense)
5. Deepak Puja (Candle)
6. Akshat Puja (Rice)
7. Naivedya Puja (Sweet Food)
8. Phala Puja (Fruit)

અષ્ટપ્રકારી પૂજા તો તપોવનની પ્રસિદ્ધ છે. બાળકો જે પરમાત્મા ભક્તિમાં રમઝટ બોલાવે તે જોવાનો પણ લહાવો છે. દરેક સંઘમાં જો નાના બાળકો પાસે તપોવન જેવી અષ્ટપ્રકારી પૂજા યુવાનો કરાવે. તેમાં આંગીસ્પર્ધા, ચાંદલાસ્પર્ધા, સાથિયા સ્પર્ધા વગેરે પહેલેથી જ જાહેરાત કરેલી હોય અને પાઠશાળામાં

ધાર્મિક શિક્ષક પણ જો જાહેરાત કરે તો સારી સંખ્યામાં બાળકો જોડાય. મોટા ભાઇ-બહેનોની પણ વર્ષમાં એકવાર અષ્ટપ્રકારીપૂજા સંઘ લેવલે કરાવવી જોઇએ. શ્રાવકો માટે અષ્ટપ્રકારી પૂજા એ ઉત્કૃષ્ટ પુણ્યબંધનું કારણ છે. જે વ્યક્તિ રોજ અષ્ટપ્રકારી પૂજા કરે છે તેમાં મન-વચન-કાયાને એકાકાર કરે છે તેને ફાટફાટ પ્રસન્નતા મળે છે.

**(૩) દેરાસરની સામગ્રી :** પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરનારને દ્રવ્યશુદ્ધિ પણ મહત્વની છે. અષ્ટપ્રકારી પૂજામાં વપરાતું દૂધ-પાણી-અંગલૂંછણા-કેસર-બરાસ-સુખડ-પુષ્પ-ધૂપ-દીપાદિ શુદ્ધ મળે તે ખૂબ જરૂરી છે. લગભગ બધા પદાર્થોમાં અશુદ્ધિ-ભેળસેળ આવે છે. ત્યારે શુદ્ધ સામગ્રીની પ્રાપ્તિ થાય તે ખૂબ જરૂરી અને મહત્વનું છે. જો સંઘ હસ્તક વ્યવસ્થા થાય તો ખૂબ સુંદર અને જરૂરી છે. પણ જો તે વ્યવસ્થા ન થાય તો તમારા કોઇ સંઘના સભ્ય Professionally કાર્ય કરી અને શુદ્ધ ઉપકરણનું વિતરણ કરે તો દ્રવ્ય શુદ્ધિ થાય. દ્રવ્યશુદ્ધિ હોય તો ભાવશુદ્ધિ થઇ શકે. હમણા હમણા ભેળસેળના જમાનામાં લગભગ અશુદ્ધ અને અભક્ષ્ય વસ્તુઓ વેચાણમાં આવે છે. વેચવાવાળા અમુક વ્યક્તિઓ Profit મેળવવા માટે ભેળસેળ કરતા થયા છે. ત્યારે આરાધક અને પ્રભુભક્ત વર્ગે શોધીને શુદ્ધ વસ્તુ મેળવવા પ્રયત્ન કરવો જરૂરી છે. ટ્રસ્ટીઓએ પણ દેરાસરના ઉપકરણો શુદ્ધ મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. જો શુદ્ધ ઉપકરણો દેરાસરમાં આવશે તો સમસ્ત જૈન સંઘનું પુણ્ય વધશે અને સંઘની ઉન્નતિ થશે.

**(૪) નવા-જૂના દેરાસરો :** હમણા દિન પ્રતિદિન દેરાસર નવા-નવા બની રહ્યા છે. જૂના દેરાસરોનો જીર્ણોદ્ધાર પણ થઇ રહ્યો છે. ત્યારે ઘણા પ્રશ્નો ઉભા થાય છે. પરંતુ જૂના દેરાસરમાં જીર્ણોદ્ધાર

થાય છે ત્યાં ખાસ સુશ્રાવક કુમારપાળભાઇ વી. શાહનું માર્ગદર્શન લેવું ખૂબ જરૂરી છે. સોમપુરા દ્વારા મોટા પ્રમાણમાં દેવદ્રવ્યના રૂપિયા લેવાય છે. ટ્રસ્ટીઓને ભાવતાલ તથા આરસાદિની સમજણ ન હોવાથી સોમપુરા કહે તેમ કરે છે તેથી સોમપુરાને સારી રકમ પ્રાપ્ત થાય છે. તેથી દેરાસર જૂના હોય કે નવા અંદર કંઇક જીર્ણોદ્ધારનું કે રીપેરીંગનું કાર્ય હોય તો શાસનને વફાદાર ચુસ્ત શ્રાવકો, અનુભવીનું માર્ગદર્શન સદા લેવું જોઇએ. હાલ આ બાબતમાં વધુ જાણકાર અમારા સમુદાયમાં મુનિ સૌમ્યરત્ન વિજય સારા તૈયાર થયેલ છે.

**(૫) પૂજારીઓ તૈયાર કરવા :** પ્રાયઃ દરેક દેરાસરમાં ૧-૨-૩-૪-૫ કે વધારે પૂજારીઓ હોય છે. જો તેઓને સરસ તૈયાર કરવામાં આવે તો જરૂર પરમાત્માનું દેરાસર આશાતના વિનાનું બની જાય. તેઓને અષ્ટપ્રકારી પૂજા, નવાંગી પૂજા - આંગી - સ્નાત્ર - પક્ષાલાદિ શુદ્ધ વિધિ - દેવદ્રવ્યના ભક્ષણથી થતાં નુકશાન - ભાવના - આરતી - મંગળદીવો બે પ્રતિક્રમણના સૂત્રો વગેરે તૈયાર કરાવવું જોઇએ. ટ્રેઇન થયેલ પૂજારીઓ દ્વારા પરિણામ સુંદર મળશે. પૂર્વે સુશ્રાવક કુમારપાળ વી. શાહે આવા પ્રયત્ન કર્યા હતા. હાલ તૈયાર નહીં થયેલ પૂજારી દ્વારા જે આશાતના થાય છે તે જોઇ શકાય તેવી નથી તેથી પૂજારીની ટ્રેનીંગ ખાસ જરૂરી છે.

**(૬) સામૂહિક આરતી - મંગળદીવો :** રોજ સાંજે દેરાસરમાં આરતી-મંગળદીવો થાય છે. તેમાં લગભગ ૧-૨ વ્યક્તિ આરતી ઉતારે છે. જૈન શાસનમાં આરતી-મંગળદીવાનું મહત્વ ખૂબ જ છે. તમારું જીવન મંગળમય બનાવવું હોય તો આરતી- મંગળદીવો અત્યંત જરૂરી છે.

Aarti = A + Rati, A means from all sides.

And Rati means Joy – spiritual Joy.

જો સંઘમાં ૭ એરિયા પ્રમાણે વારા બાંધ્યા હોય તો વારા પ્રમાણે સંઘના સભ્યો આરતીમાં હાજરી આપે. અઠવાડિયામાં એકવાર Public હોંશે હોંશે આવે. અમુક સ્થાનમાં આરતીનું ઘી બોલતા નથી ત્યારે આરતીનો લાભ કોણ લઇ શકે તે માટે વારા બાંધે અથવા આરાધનાની ઉછામણી સામૂહિક બોલાવાય છે. જેમ કે કાલે નવકારવાળી કોણ વધુ ગણશે ? તેને આરતી અને કોણ સામાયિક વધુ કરશે ? તેને મંગલદીવો ઉતારવાનો લાભ આપી શકાય. It generates positive energy and removes bad thought. કોઇક સ્થાનોમાં કુમારપાળ રાજાની આરતી વર્ષે ૧ વાર ઉતારાય છે તે પણ ઠાઠમાઠથી ઉતારે છે. તેની ઉછામણી બોલાવવામાં આવે છે. કોઇ બગીમાં કુમારપાળરાજાનો ડ્રેસ પહેરીને આવે છે. પહેલા થોડા ભક્તિગીત અને ત્યારબાદ આરતી-મંગળદીવો ઉતારે છે. આ અંગે ઘણા સંઘોમાં કુમારપાળ રાજાની આરતી પ્રસિદ્ધ છે.

**(૭) ચૈત્ય પરિપાટી :** પાંચ તિથિએ પાંચ-પાંચ દેરાસર દર્શન થાય તો સુંદર, સંઘના સભ્યો - યુવક મંડળો - મહિલા મંડળાદિ જો પોતપોતાના ગ્રુપાદિ સાથે પાંચ પર્વતિથિએ અથવા રોજ સામૂહિક દર્શન કરવા જાય તો કેવી અદ્ભૂત શાસન પ્રભાવના થાય છે. જ્યારે પાંચ તિથિ કે રોજ ચૈત્ય પરિપાટી કરવા જાય તે નક્કી કરેલા કે પાંચ દેરાસરે જવાનું અને ઓછામાં ઓછું સામૂહિક અરિહંત ચેઇયાણંનું નાનું ચૈત્યવંદન કરવું જોઇએ. દેરાસરમાં જાય તો ખાલી હાથે ન જવું જોઇએ. Pilgrimage to holy places, showing respect and devotion to the lord through

worship, prayers and meditation.

**(૮) ઘર દેરાસર :** દરેક ઘરોમાં નાનું દેરાસર જોઇએ. ઘર દેરાસરના ફાયદા અનેક છે. ઘરના દરેક વ્યક્તિ અને નાના બાળકોનું સંસ્કરણ પ્રભુની હાજરી માત્રથી થઇ જાય છે. ઘણા વ્યક્તિઓ આશાતનાના ભયથી ઘર દેરાસર બનાવતા નથી. પણ તેના ઉપાયો ગીતાર્થ ગુરુભગવંતને પૂછવાં અને નિવારણ કરવાં. **ખાસ નોંધ :** ઘર દેરાસરવાળા દરેક શ્રાવકે સંઘના દેરાસરમાં અચૂક પૂજા કરવા જવું અને ઘર દેરાસરનું દ્રવ્ય સંઘ દેરાસરને અર્પણ કરવું જોઇએ. વિશેષ વિધિ બીજા ગ્રંથોથી જાણી લેવી.

A house temple is a private Jain Shrine that is placed with a personal residence.

**(૯) ભાવના :** પરમાત્માના દેરાસરમાં ભાવના ભણાવાય તેમાં જે શબ્દો ગીતોના હોય તે અદ્‌ભૂત હોય. આ ગીતો સાંભળતા પરમાત્માભક્તિમાં જીવ એકાકાર બને, અનેક ભવોના પાપો નાશ કરે. ઘણા સંઘોમાં યુવાનો આવી ભક્તિ કરાવે છે અને સંઘને પ્રભુભક્તિમાં જોડે છે. તેમાં જો સંઘના સભ્યોને સંગીતના સાધનો આવડતા હોય તો સંગીતના સૂરો સાથે ભાવનાના ગીતો ગવાય, બધાં ખીલે અને એક અદ્ભૂત વાતાવરણ ઉભું થાય. તેમાં પણ જો યુવાનો ખૂબ ઉત્સાહી હોય તો દાંડિયા રાસ લે, કોઇક ચામર નૃત્ય કરે, વળી કોઇક ખંજરીના નાદથી નૃત્ય કરે. આમ સંઘના યુવાનો ભક્તિ કરે અને એક પ્રભુભક્તિનું અનુષ્ઠાન થાય. જે પણ ભીંજાય તે અનંતાનંત પુણ્યની કમાણી કરે અને અનંતાનંત પાપનો નાશ કરે. જે સંઘમાં દર રવિવારે ભક્તિ ન ચાલતી હોય તે સંઘમાં ૧૦-૧૫ યુવાનોએ ભેગા થઇને આ સંગીતની રમઝટ બોલાવવી જોઇએ. ધીમે ધીમે વધતા જાય. પર્વના દિવસોમાં અને

રવિવારે ભક્તિ વધવા માંડે, દૂર દૂરથી ભક્તિભાવના સાંભળવા આવે. જો જીવ પ્રભુમય બની જાય તો બધા પ્રશ્નો Solve થઇ જાય. **અનેક વિઘ્નોના નાશક આ પ્રભુભક્તિનો માહોલ તમારા સંઘમાં જરૂર ઉભો કરી શકાય.**

**(૧૦) દેરાસર શુદ્ધિ :** દરેક દેરાસરમાં મહિને કે છ મહિને એકવાર દેરાસર શુદ્ધિનો કાર્યક્રમ કરવો જોઇએ. હાલ તો દેરાસર શુદ્ધિના પ્રોગ્રામમાં ઘણા સંઘો તૈયાર થઇ ગયા છે. પણ આજુબાજુના સ્થાનમાં રહેલ દેરાસરોની પણ શુદ્ધિ માટે મોટા દેરાસરની ટીમે જવું જોઇએ. Cleanliness is next to Godliness. God, lives very clean. દેરાસર શુદ્ધિ સાથે પ્રતિમા શુદ્ધિ પણ કરાવવી જોઇએ. જેની વિશેષ માહિતી જાણકારો પાસેથી મેળવી લેવી. પરમાત્માની ચક્ષુ-ટીકા તથા ભ્રમરાદિનું કાર્ય કરી શકાય. અવસરે જરૂર પડે તો લેપાદિ અથવા ઓપ પણ કરી શકાય. જે કરો તે દેરાસર કે સંઘના ટ્રસ્ટીની સંમતિથી કરવું જોઇએ.

**(૧૧) પ્રભુ મિલન :** દેરાસરમાં સવારમાં શાંત વાતાવરણમાં પ્રભુભક્તિનો પ્રસંગ હોય ત્યારે સંગીતકાર દ્વારા ગીતો લેવાતા હોય અને સંઘના સભ્યોને પૂ. મહારાજ સાહેબ દ્વારા વિવેચન થતું હોય તે વિવેચન સાંભળી શ્રોતા વર્ગના ભાઇ - બહેનોની આંખમાંથી પશ્ચાત્તાપના આંસુ ચાલતા હોય. આવું જે થાય તેને પ્રભુ મિલન કહેવાય. પ્રભુ સાથે મિલન તે પ્રભુ મિલન. દુનિયાના બીજા સાથે મિલન ઘણું કર્યું હવે પ્રભુ સાથે મિલન કરવું છે. આ દુનિયામાંથી ખોવાઇ પ્રભુની દુનિયામાં વસવું છે.

It is a pure devotion and surrenderence which uplifts the soul and leads it to the path of spiritual

well-being.

**(૧૨) સાતક્ષેત્રની વ્યવસ્થા :** સંઘના ટ્રસ્ટી-કાર્યકર્તા-કમિટી મેમ્બરોને ૭ ક્ષેત્રની વ્યવસ્થાનું જ્ઞાન હોવું જરૂરી છે. જિનપ્રતિમા-જિનમંદિર-જિનાગમ-સાધુ-સાધ્વી-શ્રાવક શ્રાવિકા આમ ૭ ક્ષેત્ર છે. તેની વ્યવસ્થા સમજવી પડે. નીચેની રકમ ઉપરના ક્ષેત્રમાં જરૂર હોય તો જઇ શકે પણ ઉપરની રકમ નીચેના ક્ષેત્રમાં જઇ ન શકે. Mismanagement કરવાથી ઘણું પાપ લાગે છે. આ વ્યવસ્થા કોઇ મહાત્મા પાસે સમજી લેવી જોઇએ. તે સિવાયના પાઠશાળા, આયંબિલશાળા, અનુકંપાદિની વ્યવસ્થા પણ સમજી લેવી જોઇએ. શક્ય હોય તો દેવદ્રવ્ય, જ્ઞાનખાતુ-જીવદયાની રકમ તરત વાપરવી જોઇએ. વાર્ષિક યોજનાઓ ઉભી કરવી જેથી વ્યાજ ઓછું થવાથી જે રકમ આવે તે રકમ તે જ વર્ષે વાપરી લેવી જોઇએ. સરકારી કાયદાનું પણ જ્ઞાન જરૂરી છે. સંઘના C.A. નો પણ A/c અને Audit માટે સહકાર લેવો જોઇએ. સાતક્ષેત્રની સચોટ માહિતી મેળવવા માટે પુસ્તક : ધાર્મિક વહીવટ વિચાર, લે. પં. ચન્દ્રશેખરવિ. આદિ લેખકો દ્વારા લખાયેલ પુસ્તક વાંચવી.

**(૧૩) ગભારા વિભાગ :** દરેક દેરાસરોમાં લગભગ સવારના પક્ષાલાદિની વ્યવસ્થા પૂજારીઓ કરતાં હોય છે. ક્યાંક વળી યુવાનો અથવા આરાધકોની ટીમ સંપૂર્ણ ગભારાનું બધું લગભગ પોતે જ કરે છે. આવું દૃષ્ટાંત ભાયંદરમાં ૫૨ જિનાલયમાં ગભારા ગ્રુપ દ્વારા ચાલુ છે. પૂજારીની જવાબદારી દેરાસરમાં કેસર વાટવું, સ્વચ્છતા રાખવી, ન્વહણ જળ પરઠવવું વગેરે હોય, બાકી ગભારાની જવાબદારી ગભારા વિભાગની હોવી જોઇએ. ન્વહણ જળ પણ ગટરમાં ન જાય તે માટે સાયન (મુંબઇ)એ વ્યવસ્થા કરી છે ત્યાં તપાસ કરી શકાય. વરખનો ઉતારો, બાદલું આદિની

પણ સુચારુ વ્યવસ્થા કરવી જોઇએ. પુષ્પાદિનું વિસર્જન પણ વિચારણીય છે. શહેરમાં ખાસ આ અંગે યોગ્ય વ્યવસ્થા થતી નથી દેખાતી. આ વિભાગ ખૂબ મહત્વનો છે. આશાતના નિવારણ આ વિભાગ કહેવાય.

**૧૪. પંચ કલ્યાણકની ઉજવણી :** જે દેરાસરમાં મૂળનાયક ભગવાન હોય તે પ્રભુના પાંચ કલ્યાણકની ઉજવણી સંઘ લેવલ ઉપર થાય તો સંઘમાં ઉત્સાહ ખૂબ વધે. દાદાનો પ્રભાવ જોવા મળે. કલ્યાણકની ઉજવણીમાં પ્રભુનો વરઘોડો નીકળે. શક્રસ્તવ અથવા અભિષેકાદિ પણ કરાવી શકાય. સંઘના બહેનો ગહુંલી-રંગોળી-આંગી આદિ કરે. સારી પ્રભાવના પણ અપાય.

**(૧૫) મહાપૂજા :** શ્રાવકોના ૧૧ કર્તવ્યમાં મહાપૂજાનું કર્તવ્ય બતાવેલ છે. દેરાસરને એવી રીતે સુશોભિત કરે કે નાના-મોટા સંઘના સભ્યો પ્રભુના દર્શન કરવા દોડીને આવે અને વીતરાગ પ્રભુને સુશોભન વચ્ચે જોતા વીતરાગ બનવાના ભાવો પેદા થાય.